# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## A. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ નવી શાળા શરૂ કરવા માટેની ઓનલાઈન અરજી અંગેની અગત્યની સૂચનાઓ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ – ૯ મુજબ બિનઅનુદાનિત માધ્યમિક (ધો-૯) તેમજ ઉચ્ચતર માધ્યમિક (ધો-૧૧ તમામ પ્રવાહ) નવી શાળા શરૂ કરવા માટે નોંધણી કરવી જરૂરી છે. તે માટે બોર્ડ દ્વારા ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવે છે અને ઉક્ત અરજીઓની ચકાસણી કરી કારોબારી સમિતિ દ્વારા શાળાઓની કામચલાઉ મંજૂરી / નામંજૂર કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે. નવી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની અરજી કરવા માટે નીચેની જરૂરિયાતો પૂર્ણ થતી હોય તે સંચાલક મંડળ Online અરજી કરી શકે છે.

1. સૂચિત નવી માધ્યમિક શાળા / નવી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાનું ઈચ્છનાર સંચાલક મંડળ કાયદેસર રીતે નોંધાયેલું હોવુ જોઈએ.
2. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ – ૧૯૭૪ નાં વિનિયમ – ૯ ની જોગવાઈ મુજબ
   I. નવી માધ્યમિક શાળાની દરખાસ્ત કરનાર સંચાલક મંડળ તેમની શાળા શહેરી વિસ્તારમાં {નગર પાલિકા, મહાનગર પાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન), શહેરી વિકાસ સત્તામંડળ, એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી, નોટીફાઇડ એરીયા, વગેરે જેવો શહેરી વિસ્તાર} શરૂ કરવા માંગતા હોય તો શાળાના મકાનના બાંધકામ, રસ્તા, પાર્કીંગ અને નિયમોનુસાર માર્જીન માટે જરૂરી હોય તે તમામ જરૂરી જમીન બાદ કરીને રમત-ગમતના મેદાન માટેની જમીન જે તે શાળાના બિલ્ડીંગને સંલગ્ન જ હોવી જોઈએ અને રજીસ્ટર્ડ ભાડા કરાર ૧૫ વર્ષના સમય મર્યાદાનો હોવો જોઈએ.
   II. શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જમીન બાદ કર્યા બાદ, રમત-ગમતનું મેદાન લઘુત્તમ ૮૦૦ ચો.મી. રાખવાનું રહેશે
   III. ગ્રામ્ય વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જમીન બાદ કર્યા બાદ, રમત-ગમતનું મેદાન લઘુત્તમ ૧૫૦૦ ચો.મી. રાખવાનું રહેશે
   IV. ૧૫ વર્ષ માટેનો ભાડા કરાર રજીસ્ટર્ડ હોવો જોઈએ. ગામ દફ્તર નમુના નં.ક / સીટી સર્વે રેકર્ડ, ૭/૧૨, ૮/અ માં જે તે મિલકતમાં ભાડા કરારની એન્ટ્રી થવી જોઈએ. જેથી ભાડે લેનાર ટ્રસ્ટનું નામ રેવન્યુ રેકર્ડમાં આવે અને એન્ટ્રીમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ થાય કે ભાડા કરારની શરતોનું પાલન થયા બાદ જ ભાડે આપેલ મિલકતના હકમાં કોઈપણ ફેરફારની મંજૂરી આપવામાં આવે. ઉક્ત તમામ

પુરાવાની નકલો કે જે "Any ROR" માં નોંધાયેલ હોય અને પ્રમાણિત હોય તે અરજીના પુરાવા તરીકે અપલોડ કરવાના રહેશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ સ્વીકારવામાં આવશે નહિ.

V. ચેરીટી કમિશ્નરશ્રીની પરવાનગી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરવાનગી સિવાય ભાડા કરારના સમય દરમ્યાન મકાન અને મેદાનનો શૈક્ષણિક હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

VI. ભાડા કરારની મુદત દરમ્યાન બિન અધિકૃત અને બોર્ડની પૂર્વ મંજૂરી સિવાય જો કોઈ ફેરફાર થાય તો તે શાળાની મંજૂરી આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને તે બાબતે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

VII. કોઈ પબ્લીક લિમિટેડ કંપની કે પ્રાઈવેટ લિમિટેડ કંપની માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે CSR હેઠળ જ કામગીરી કરવા માગતી હોય તો તેને ભાડાપટ્ટેથી શાળાનું મકાન અને મેદાનની જમીનનો વપરાશ કરવા માટે આપવામાં આવે તો તેવી કંપનીને ખાસ કિસ્સામાં શાળા શરૂ કરવાની પરવાનગી આપી શકાશે.

VIII. મેદાન સાથેની શાળાઓમાં બનતી દુર્ઘટના પ્રસંગે બાળકોની સલામતી માટે ઝડપથી બચાવનાં પગલાં લઈ શકાય છે. જેથી મેદાન ન હોય તેવી કોઈપણ સ્કુલ માટે શાળા મંડળે અરજી કરવી નહિ.

ઉપર દર્શાવેલ રમત-ગમતના મેદાન માટેની નિયમાનુસાર જગા ધરાવનાર શાળામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો ૫૦૦ થી વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત-ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઈશે.

મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઇ મકાન બાંધકામ કરી શકશે નહિ. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઈશે.

શાળા મંડળ પાસે GDCR-2017 ની નીતિના પેરા નંબર:-૮.૬માં પાર્કીંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઇ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઇશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે.

3. શાળા-મકાનનું બાંધકામ થયેલ છે તે તમામ જમીન અને શાળાના મેદાન માટે દર્શાવેલ જમીન શૈક્ષણિક હેતુ માટે "બિન-ખેતી" થયેલ હોવી જોઈએ. શાળાનાં મકાન અને મેદાન માટે દર્શાવેલ જમીનમાં માલિકીનો કે તે સબંધિત કોઈ પણ પ્રકારનો વાદ-વિવાદ કે કોર્ટ કેસ થયેલ હોવો જોઈએ નહિ.
4. સૂચિત શાળા મકાનનો નકશોઃ- નકશો સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા મંજૂર કરાવેલ હોવો જોઈએ. જમીન બિનખેતી (N.A.) કરી આપનાર સત્તાધિકરીશ્રી દ્વારા મંજૂર થયેલ નકશા રજૂ કરવાના રહેશે.

5. સૂચિત શાળા મકાન અને તે સંલગ્ન શાળાનું મેદાન દર્શાવતો હોય તેવો મહેસૂલ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવેલ ગામના નકશા મંજુર કર્યાના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા હોવા જોઈએ / શહેરમાં જે તે વિસ્તારનો પાર્ટ પ્લાન મંજુર કર્યાના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા હોવા જોઈએ.
6. સૂચિત શાળાના મકાન વપરાશનું પ્રમાણપત્ર (B.U.P.):- મકાન વપરાશનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા અપાયેલું હોવું જોઈએ. ખાનગી સંસ્થા / વ્યક્તિના પ્રમાણપત્રને સ્વીકારવામાં આવશે નહિ. સરપંચશ્રીના સહી વાળા BUP રજૂ કરવા નહી.
7. શાળાના મકાનની સ્ટ્રક્ચરલ સ્ટેબિલીટી માટેનું પ્રમાણપત્ર માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયર પાસેથી અથવા હકુમત ધરાવતા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયર પાસેથી આ સાથેના નમૂના મુજબનું મેળવીને તે પુરાવા તરીકે અપલોડ કરવાનું રહેશે.
8. શાળા મકાનના આગળની બાજુનો ફોટો મકાનની પાછળની બાજુનો ફોટો, મકાનની ડાબી બાજુનો ફોટો, મકાનની જમણી બાજુનો ફોટો તથા શાળાના આખા મકાનને આવરી લેતો મેઇન ગેટ કમ્પાઉન્ડ વોલ સાથેનો તાજેતરનો ફોટો (તારીખ સાથેનો) હોવો જોઈએ.
9. શાળાના મકાન અને રમત-ગમતનું મેદાન અને પાર્કિંગની જમીનની માલિકી શાળા સંચાલક મંડળની કે રજીસ્ટર્ડ ભાડા કરારની શાળા સંચાલક મંડળે ઓછામાં ઓછા ૧૫ વર્ષના ભાડા પટ્ટે રાખેલ હોવી જોઈએ.

## B. નવી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની આવશ્યક જરૂરિયાતો

1. નવી માધ્યમિક શાળાની દરખાસ્ત કરનાર સંચાલક મંડળ તેમની શાળા શહેરી વિસ્તારમાં {નગર પાલિકા, મહાનગર પાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન), શહેરી વિકાસ સત્તામંડળ, એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી, નોટીફાઇડ એરીયા, વગેરે જેવો શહેરી વિસ્તાર} શરૂ કરવા માંગતા હોય તો શાળાના મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત-ગમતના મેદાન માટે ભાડેથી મેદાન લેવાની જોગવાઈ કરવામાં આવે તો મેદાનની જમીન જે તે શાળાના બિલ્ડીંગને સંલગ્ન જ હોવી જોઈએ. ભાડા પટ્ટો ૧૫ વર્ષનો હોવો જોઈએ.

   શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જમીન બાદ કર્યા બાદ, રમત-ગમતનું મેદાન લઘુત્તમ ૮૦૦ ચો.મી. રાખવાનું રહેશે અને ગ્રામ્ય વિસ્તાર (ગ્રામ પંચાયત વિસ્તાર) માટે શાળાના રમત-ગમતનું મેદાન ૧૫૦૦ ચો.મી. નું રાખવાનું રહેશે.

   ભાડા કરાર રજીસ્ટર્ડ હોવો જોઈએ. ગામ દફ્તર નમુના નં.૬ / સીટી સર્વે રેકર્ડ, ૭/૧૨, ૮/અ માં જે તે મિલકતમાં ભાડા કરારની એન્ટ્રી થવી જોઈએ. જેથી ભાડે લેનાર ટ્રસ્ટનું નામ રેવન્યુ રેકર્ડમાં આવે અને એન્ટ્રીમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ થાય કે ભાડા કરારની શરતોનું પાલન થયા બાદ જ ભાડે આપેલ મિલકતના હકમાં કોઈપણ ફેરફારની મંજૂરી આપવામાં આવે.

ચેરીટી કમિશ્નરશ્રીની પરવાનગી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરવાનગી સિવાય ભાડા કરારના સમય દરમ્યાન મેદાનનો કોઈપણ અન્ય ઉપયોગ ન થવો જોઈએ અને ઉક્ત તમામ બાબતનો અરજદાર ટ્રસ્ટ દ્વારા રજુ થતી એફીડેવીટમાં સમાવેશ થયેલ હોવો જોઈએ.

ભાડા કરારની મુદત દરમ્યાન શાળાના મકાન અથવા રમત ગમતના મેદાન અથવા શાળા મકાન અને રમત ગમતના મેદાનમાં જો કોઈ ફેરફાર થાય તો તે શાળાની મંજૂરી આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને તે બાબતે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી તે બાબતનો પણ એફીડેવીટમાં સમાવેશ થવો જોઈએ.

કોઈ પબ્લીક લિમિટેડ કંપની કે પ્રાઈવેટ લિમિટેડ કંપની માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે CSR હેઠળ જ કામગીરી કરવા માગતી હોય તો તેને ભાડાપટ્ટેથી શાળાનું મકાન અને મેદાનની જમીનનો વપરાશ કરવા માટે આપવામાં આવે તો તેવી કંપનીને ખાસ કિસ્સામાં પરવાનગી આપી શકાશે.

મેદાન સાથેની શાળાઓમાં બનતી દુર્ઘટના પ્રસંગે બાળકોની સલામતી માટે ઝડપથી બચાવનાં પગલાં લઈ શકાય છે. જેથી મેદાન ન હોય તેવી કોઈપણ સ્કુલ ચલાવી શકાશે નહી.

ઉપર દર્શાવેલ રમત-ગમતના મેદાન માટેની નિયમાનુસાર જગા ધરાવનાર શાળામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો ૫૦૦ થી વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત-ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઈશે.

મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઇ મકાન બાંધકામ કરી શકશે નહિ. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઇએ.

શાળા મંડળ પાસે GDCR-2017 ની નીતિના પેરા નંબર:-૮.૬માં પાર્કીંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઇ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઇશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે.

2. શાળા-મકાનનું બાંધકામ અને શાળાના મેદાન માટે દર્શાવેલ જમીન જે હેતુ માટે મકાનનો ઉપયોગ કરવાનો છે તે હેતુ માટે "બિન-ખેતી" થયેલ હોવી જોઈએ. શાળાનાં મકાન અને મેદાન માટે દર્શાવેલ જમીનમાં કોઈ પણ પ્રકારનો વાદ-વિવાદ કે કોર્ટ કેસ થયેલ હોવો જોઈએ નહિ.
3. નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે અરજી કરતા હો તો શાળા મકાનમાં ઓછામાં ઓછા ૪૦૦ ચોરસ ફૂટ (૩૮ ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા ૩ વર્ગખંડો, પ્રયોગશાળા, કોમ્પ્યુટર લેબ અને ૨૫૦ ચોરસ ફૂટ (૨૩ ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા આચાર્યખંડ અને સ્ટાફરૂમ ધરાવતી હોવી જોઈશે.
4. નવી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે અરજી કરતા હો તો શાળા મકાનમાં ઓછામાં ઓછા ૪૦૦ ચોરસ ફૂટ (૩૮ ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા ૩ વર્ગખંડો, કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રવાહ માટે ૬૦૦

ચોરસફૂટ (૫૬ ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા ૩ પ્રયોગશાળાખંડ, અને ૨૫૦ ચોરસ ફૂટ (૨૩ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા આચાર્યખંડ અને સ્ટાફરૂમ ધરાવતી હોવી જોઈશે.

5. અરજદાર સંચાલક મંડળ / સંસ્થા જો ગ્રામ્ય વિસ્તારમાં શાળા શરૂ કરવા માંગતી હોય તો સંસ્થા પાસે ઓછામાં ઓછું રૂ ૨,૦૦,૦૦૦/- (રૂ બે લાખ પુરા)નું બેંક બેલેન્સ હોવું જોઈએ. અરજદાર સંસ્થા જો શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માંગતી હોય તો સંસ્થા પાસે ઓછામાં ઓછું રૂ ૩,૦૦,૦૦૦/- (રૂ. ત્રણ લાખ પુરા)નું બેંક બેલેન્સ હોવું જોઈએ.
6. શાળામાં કુમારો માટે ઓછામાં ઓછી ૨(બે) મુતરડી, અને ઓછામાં ઓછા ૨ (બે) સંડાસ તથા કન્યાઓ માટે ઓછામાં ઓછી ૨(બે) મુતરડી અને ઓછામાં ઓછા ૨(બે) સંડાસની વ્યવસ્થા કરેલ હોવી જોઈએ. પીવાના પાણી માટે પાણીનો બોર/પીવાના પાણીના નળની વ્યવસ્થા કરેલ હોવી જોઈએ. વોટરરૂમમાં ઓછામાં ઓછા ૫(પાંચ) નળ પીવાના પાણી માટે રાખેલ હોવા જોઈએ. વિદ્યાર્થી સંખ્યાના આધારે આ સુવિધામાં વધારો કરવાનો રહેશે.
7. શાળામાં આગ સામે સલામતી માટે યોગ્ય પ્રકારનાં, યોગ્ય કદનાં કાર્યરત ૨(બે) અગ્નિશામક ઉપકરણો યોગ્ય સ્થળે લગાવેલા હોવા જોઈશે અને સમયાંતરે રીન્યુ કરવાના રહેશે.
8. સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી મેળવેલ ફાયર સેફ્ટી અંગેનુ “ના વાંધા પ્રમાણ પત્ર” હોવું જોઇએ.
9. શાળાનું મકાન માટે સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે નકશાઓ મંજૂર કરાવેલ હોવા જોઈએ જમીન બિનખેતી (N.A.) કરી આપનાર સત્તાધિકારીશ્રી દ્વારા મંજૂર થયેલ નકશા રજૂ કરવાના રહેશે. તેમજ સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ મકાન વપરાશનું પ્રમાણપત્ર (બી.યુ.પી) હોવું જોઈએ. શાળાનું મકાન દરેક દ્રષ્ટિએ સલામત અને સુરક્ષિત છે અને શાળાનું મકાન માળખાકીય (સ્ટ્રક્ચરલ) પાસાની દ્રષ્ટિએ સલામત છે તેની ખાતરી કરવા તે "ધ નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડિયા" માં સમાવિષ્ટ સલામતીના ધોરણો પ્રમાણે બાંધવામાં આવેલ છે, તે અંગે નિયત નમૂનાનું પ્રમાણપત્ર માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયર (લાયસન્સ ધરાવતા) પાસેથી અથવા હકુમત ધરાવતા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયર પાસેથી મેળવીને તે અપલોડ કરવાનું રહેશે.
10. શાળાનું મકાન શોપીંગ સેન્ટરમાં આવેલ હોવું જોઈએ નહિ તેમજ શોપીંગ સેન્ટર સાથે અન્ય કોઈ રીતે જોડાયેલ હોવું જોઈએ નહિ.
11. શાળા મકાન અને મેદાન વિદ્યાર્થીઓની સલામતીને હાની પહોંચવાની શક્યતા હોય તેવા પ્રકારની ગેસ / ઓઈલ પાઈપલાઈન / વિદ્યુત લાઈન (હાઈ ટેન્શન લાઈન) થી સલામત અંતરે આવેલ હોવું જોઈએ.
12. સંચાલક મંડળે ફક્ત ઓનલાઈન અરજી કરવાની છે અને તેમાં માગેલા તમામ આધારો ઓનલાઈન અપલોડ કરવાના છે. બોર્ડની કચેરીએ કે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીમાં કોઇપણ પ્રકારની ફાઈલ કે પુરાવા જમા કરવાના નથી.

ઓનલાઈન અરજી કરી દીધા બાદ બોર્ડની કચેરીમાં આવા કોઈ પુરાવા અલગ રીતે સ્વીકારવામાં આવશે નહિં તેની સ્પષ્ટ નોંધ લેવી.

નમુના મુજબનું સોગંદનામુ ફરજીયાત અપલોડ કરવાનું રહેશે તેમજ સોગંદનામામાં દર્શાવેલ તમામ શરતો અને માહિતી ફરજીયાત પણે ભરવાની રહેશે. સોગંદનામામાં કોઇપણ અસ્પષ્ટતા - વિસંગતતા ચલાવી લેવામાં આવશે નહીં. જે લાગુ પડતું હોય તે જ દર્શાવવાનું રહેશે. કોઈપણ માગેલ દસ્તાવેજ અપલોડ કરવાના રહી ગયા હશે (અથવા યોગ્ય રીતે અપલોડ કરેલ નહિ હોય, અવાચ્ય હોય, યોગ્ય રીતે PDF / JPG કરેલ ન હોય....) તો મંજૂરી મળશે નહિ. કોઈ ફિઝીકલી આધારો ધ્યાને લેવામાં આવશે નહિ.

13. ખાનગી શાળાની મંજૂરી માટેની અરજીમાં ખોટી માહિતી ભરવા અથવા ખોટું એફીડેવીટ સંદર્ભે આઇ.પી.સીની કલમ-૧૯૩ અને અન્ય લાગુ પડતી કલમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.
14. શાળાઓમાં CCTV કેમેરાની વ્યવસ્થા ફરજીયાત કરવાની રહેશે.
15. ધી ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ્ડ સ્કુલ્સ (રેગ્યુલેશન ઓફ ફીઝ) એક્ટ, ૨૦૧૭ ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે અને બાંહેધરી આપવાની રહેશે. (બાંહેધરી પત્રક સામેલ છે.)

## C. આવશ્યક આધારો

**નવી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની ઓનલાઈન અરજીના સૌથી છેલ્લા વિભાગમાં / તબક્કામાં નીચે જણાવ્યા મુજબના આધારો ફરજિયાત પણે જોડવાના રહેશે.**

1. જો કોઈ **સંચાલક મંડળ** અરજદાર તરીકે નવી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની અરજી કરતું હોય તો, તેઓએ ચેરિટી કમિશ્નરની કચેરીમાં નોંધાયેલ સંચાલક મંડળની નોંધણી અંગેનું પ્રમાણપત્ર, સંચાલક મંડળના ટ્રસ્ટ ડીડની નકલ, P.T.R.ની છેલ્લી નકલ તેમજ સંચાલક મંડળ દ્વારા શૈક્ષણિક સંસ્થા શરૂ કરવા માટે તેઓની બેઠકમાં જે ઠરાવ કરવામાં આવેલ હોય તે ઠરાવની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાની રહેશે.
2. જો કોઈ **સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા** અરજદાર તરીકે નવી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની અરજી કરતી હોય તો, તેઓએ તેમના દ્વારા શૈક્ષણિક સંસ્થા શરૂ કરવા માટે, તેઓની બેઠકમાં જે ઠરાવ કરવામાં આવેલ હોય તે ઠરાવની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાતપણે અપલોડ કરવાનીરહેશે.
3. જો કોઈ **જાહેર એકમ તેમજ અન્ય કોઈ સંસ્થા** અરજદાર તરીકે નવી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની અરજી કરતી હોય તો, તેઓએ તે જાહેર એકમ અથવા સંસ્થાના બંધારણની

સ્વયં પ્રમાણિત નકલ અને તે જાહેર એકમ અથવા સંસ્થાની બેઠકમાં જે ઠરાવ કરવામાં આવેલ હોય તે ઠરાવની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાતપણે અપલોડ કરવાની રહેશે.

4. અરજદાર દ્વારા બોર્ડ સાથે પત્ર વ્યવહાર કરવા માટે તેઓના ઠરાવથી જે વ્યકિતની અધિકૃત રીતે નિમણૂંક કરવામાં આવેલ હોય તે ઠરાવની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
5. અરજદારની આર્થિક સદ્ધરતા માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં સંચાલક મંડળના ખાતામાં હાલ જમા રકમના અદ્યતન સર્ટીફીકેટ / એકાઉન્ટ સ્ટેટમેન્ટની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
6. સૂચિત શાળા મકાનની જમીન બીનખેતી હોવાના આધાર તરીકે શાળા મકાનની જમીનના બિનખેતીના હુકમ, ૭/૧૨ની અને ૮-અની તેમજ ફોર્મ નં.6 ની એન્ટ્રી સ્વયં પ્રમાણિત નકલ. જો સૂચિત શાળા મકાનની જમીન ગામતળની હોય અથવા શહેરી વિકાસ સત્તામંડળ / વિસ્તાર વિકાસ સત્તામંડળ / નગરપાલિકા / મહાનગરપાલિકા પાસેથી મેળવવામાં આવેલ હોય અને પહેલેથી જ બિનખેતી થયેલ હોય તો સંબંધિત સક્ષમ સત્તાધિકારી પાસેથી તે જમીન બિનખેતી થયેલ છે તેના આધારની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
7. સૂચિત શાળા મકાનની જમીન અને મકાનના માલિકીના આધારોની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાની રહેશે.
8. સૂચિત શાળા મકાનના મેદાનની માલિકીના આધારોની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
9. સૂચિત શાળાના મકાનની સક્ષમ સત્તાધિકારીએ મંજૂર કરેલ નકશાની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
10. સૂચિત શાળાના મકાન અને તે સંલગ્ન શાળાનું મેદાન દર્શાવેલ હોય તેવો મહેસૂલ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવેલ ગામના નકશામાં સક્ષમ સત્તાધિકારીએ મંજૂર સહી સિક્કા હોવા જોઈએ / શહેરમાં જે તે વિસ્તારનો પાર્ટ પ્લાનમાં સક્ષમ સત્તાધિકારીએ મંજૂર કરેલ નકશાની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
11. સરકાર દ્વારા માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયરે અથવા હકુમત ધરાવતા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયરે શાળાના મકાનની સ્ટ્રક્ચરલ સ્ટેબિલીટી માટે આપેલાં અસલ પ્રમાણપત્રની નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
12. સૂચિત શાળાના મકાનના વપરાશ માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલાં વપરાશ પ્રમાણપત્રની સ્વયં પ્રમાણિત નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.

13. ઓનલાઈન દરખાસ્ત સાથે શાળાની આગળની બાજુ, પાછળની બાજુ, ડાબી બાજુ, જમણી બાજુનો તાજેતરમાં લેવામાં આવેલ (તારીખ સાથેનો) ફોટોગ્રાફ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
14. ઓનલાઈન દરખાસ્ત સાથે શાળાના આખા મકાનને આવરી લેતો મેઇનગેટ, કમ્પાઉન્ડ વોલ સાથેનો તાજેતરમાં લેવામાં આવેલ (તારીખ સાથેનો) ફોટોગ્રાફ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
15. ઓનલાઈન દરખાસ્ત સાથે શાળાના મેદાનનો તાજેતરમાં લેવામાં આવેલ (તારીખ સાથેનો) ફોટોગ્રાફ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે.
16. ઓનલાઈન દરખાસ્ત સાથે આપવામાં આવેલ નમૂના મુજબના નોટરાઈઝ કરેલ અસલ એફિડેવિટ / સોગંદનામાની નકલ ફરજિયાત પણે અપલોડ કરવાના રહેશે. (સ્ટેમ્પ પેપર પર).
17. જો સંચાલક મંડળ / સંસ્થા નવી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માંગતુ હોય અને તે પોતાની માધ્યમિક શાળા ધરાવતું હોય તો તે માધ્યમિક શાળાની નોંધણી અંગેના પત્રની સ્વયં પ્રમાણિત નકલ.
18. ટ્રસ્ટ તથા સંચાલિત સંસ્થાના શાખાઓના હિસાબો જે તે કચેરીમાં નિયમિત રજૂ થયેલ છે કે કેમ? તે અંગે પરિશિષ્ટ-૧૦ની પ્રમાણિત નકલ.
19. ટ્રસ્ટ સંબંધે ચેરિટી કમિશ્નરની કચેરી કે અન્ય કોર્ટ કચેરીમાં ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓ બાબતે કોઇ વિવાદ ચાલુ છે કે કેમ? તે અંગેનું સોગંદનામુ.
20. ટ્રસ્ટ અધિનિયમની જોગવાઇ મુજબ ટ્રસ્ટી ટ્રસ્ટમાં કે સંચાલિત શાળામાં સવેતનથી નોકરી કરી શકે નહીં કે અન્ય લાભ મેળવી શકે નહીં. શાળાઓમાં ટ્રસ્ટીઓ પ્રિન્સીપાલ કે શિક્ષક તરીકે ફરજો બજાવતા નથી તે અંગેનું સોગંદનામુ.
21. તમામ આધારોના પ્રત્યેક પાન નંબર ઉપર સબંધિત જવાબદાર ટ્રસ્ટી / ટ્રસ્ટીઓએ સહી કરીને અપલોડ કરવાના રહેશે.
22. સોંગદનામાના પ્રત્યેક પાન નંબર ઉપર સબંધિત જવાબદાર ટ્રસ્ટી / ટ્રસ્ટીઓએ સહી કરી અપલોડ કરવાનું રહેશે. જે બાબત લાગુ ન પડતી હોય તે બાબત છેકી નાંખવાની જવાબદારી મંડળની જ રહેશે.

## D. ઓનલાઈન અરજીપત્રક કેવી રીતે ભરવું તે અંગેની સૂચનાઓ :

1. અરજદાર શાળા સંચાલક મંડળે / સંસ્થાએ અથવા સંચાલક મંડળ / સંસ્થા દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિએ નવી શાળા માટે ઓનલાઈન અરજી કરતા પહેલા સૌપ્રથમ ફરજિયાત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
2. સંચાલક મંડળ / સંસ્થા જો નવી માધ્યમિક શાળા શરૂ કરવા માંગતું હોય તો રજીસ્ટ્રેશનના પત્રકમાં "Application for" ની સામે "New Secondary School" પસંદ કરવાનું રહેશે. સંચાલક મંડળ / સંસ્થા જો નવી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માંગતું હોય તો રજીસ્ટ્રેશનના પત્રકમાં "Application

for"ની સામે "New Higher Secondary School" પસંદ કરવાનું રહેશે અને ઓનલાઈન નવી શાળાની મંજૂરી માટેની અરજી કરવા માટે રૂ. ૨૦,૦૦૦/- “SBI PAY” સીસ્ટમ મારફતે ઓનલાઇન અથવા SBI E PAY સીસ્ટમ મારફતે “ SBI Branch Payment ” ઓપ્શનમાં જઈને ભરવાની રહેશે. (ઓનલાઈન ફી SBI ના ક્રેડીટ કાર્ડથી તેમજ ઓનલાઈન ઈન્ટરનેટ બેંકીગથી અને SBI બ્રાન્ચ પેમેંટમાંથી ચલણ જનરેટ કરી નજીકની SBI BANK માંથી ભરી શકાશે.)

3. અરજી કર્યાના ૭૨ કલાક પહેલા ફી નું ચુકવણું કરવાનું રહેશે.
4. ઓનલાઈન અરજી કરવા માટે સંચાલક મંડળ / સંસ્થા પાસે અથવા સંચાલક મંડળ / સંસ્થા દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિ પાસે ઈ-મેલ એડ્રેસ હોવું ફરજિયાત છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટે આ ઈ-મેલ એડ્રેસ પૂરૂં પાડવાનું રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કર્યા બાદ તુરત જ આ ઈ-મેલ એડ્રેસ પર ઓનલાઈન સિસ્ટમ દ્વારા User ID અને Password સાથેનો એક ઈ-મેલ મોકલી આપવામાં આવશે (Mail sent by server approx. in 24 hours). ઈ-મેલ એડ્રેસ પર મોકલવામાં આવેલ આ User ID અને Password નો ઉપયોગ કરીને જ નવી માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા માટેની અરજી ઓનલાઈન કરી શકાશે. અરજદાર દ્વારા કરવામાં આવેલ ઓનલાઈન અરજીને લગતી કોઈ પણ પ્રકારની બાબતની જાણ કરવા માટે તેમજ પત્ર વ્યવહાર માટે ભવિષ્યમાં બોર્ડ દ્વારા આ જ ઈ-મેલ એડ્રેસનો ઉપયોગ કરવામાં આવશે, જે ધ્યાને રાખવાનું રહેશે.
5. User ID અને Password થી લોગીન થયા બાદ અરજદાર જો રજીસ્ટ્રેશન દરમિયાન નવી માધ્યમિક શાળા માટે રજીસ્ટ્રેશન કરાવેલ હશે તો નવી માધ્યમિક શાળા માટેની અરજી જોઈ શકશે અને ભરી શકશે અને જો રજીસ્ટ્રેશન દરમિયાન નવી ઉચ્ચતર માધ્યમિક શાળા માટે રજીસ્ટ્રેશન કરાવેલ હશે તો નવી ઉચ્ચતર માધ્યમિક શાળા માટેની અરજી જોઈ શકશે અને ભરી શકશે. અરજદારે સૌપ્રથમ શાળા ટ્રસ્ટ (સંચાલક મંડળ) ને લગતી વિગતો, સૂચિત શાળાને લગતી વિગતો, શાળાની જમીન અને મેદાનને લગતી વિગતો, શાળાના મકાનને લગતી વિગતો અને શાળા શરૂ કરવા માટેના જરૂરી આધારો લગતી વિગતો ધ્યાનથી સમજી ઓનલાઈન સિસ્ટમમાં એક પછી એક તબક્કાવાર ચોકસાઈથી ભરવાની રહેશે.
6. અરજદાર ઓનલાઈન સિસ્ટમ મારફતે જે માહિતી ભરે તે તમામ માહિતી અંગ્રેજીમાં જ ભરવાની રહેશે. માહિતી ગુજરાતીમાં ભરી શકાશે નહિ તેથી ઓનલાઈન સિસ્ટમમાં માહિતી ગુજરાતીમાં ભરવાનો પ્રયત્ન કરવો નહિ.
7. શાળાનું જે નામ આપવા ઈચ્છતા હો અદ્દલ તે નામ મુજબ જ તેને અંગ્રેજીમાં દાખલ કરવું. આ જ પ્રમાણેની તકેદારી શાળા શરૂ કરવા માંગતા સંચાલક મંડળ / સંસ્થાનું નામ, અધિકૃત વ્યક્તિનું નામ, સરનામુ, ઈ-મેલ એડ્રેસ વગેરે દાખલ કરતી વખતે રાખવાની રહેશે અને અંગેજીમાં સ્પેલીંગ દાખલ કરતી વખતે કોઈ પ્રકારની ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે.

8. જે વિગતો અરજીમાં આપ દર્શાવો તે તમામ વિગતો માટેના આધારભૂત આધારો જેવા કે નકશો, પ્રમાણપત્રો, બી.યુ.પી., બિનખેતીનો હુકમ, હાલનો ૭/૧૨, ૮-અ, હક પત્રક નમુના નં-૬, શાળા મકાન અને મેદાન દર્શાવી શકાય તેવું લે-આઉટ  વગેરેની સ્કેનર મશીન પરથી સ્કેન કરાવેલ કોપી, અરજી સાથે જોડવાની રહેશે અને સ્કેન કરાવેલ આધારો ઓનલાઈન અરજી સાથે જોડતા પહેલાં તે કોમ્પ્યુટરમાં વાંચી શકાય અથવા જોઈ શકાય તેવી સ્થિતિમાં હોય તે પણ ચકાસી લેવાનું રહેશે. આ તમામ આધારો ના પ્રત્યેક પાન નંબર ઉપર સંચાલક મંડળ / જવાબદાર ટ્રસ્ટી / ટ્રસ્ટીઓના સહિ સિક્કા ફરજિયાત કરવાના રહેશે.
9. અરજદાર દ્વારા જે આધારો સ્કેન કરાવીને સિસ્ટમ મારફતે રજૂ કરવામાં આવે તે તમામ આધારો PDF અથવા JPEG ફાઈલ ફોર્મેટમાં રજૂ કરવાના રહેશે અને એક Document ની સાઈઝ 2 MB કરતા વધારે હોય નહિ તે ચકાસી લેવાનું રહેશે. જો Document ની સાઈઝ 2 MB કરતા વધારે હશે તો Document સિસ્ટમમાં અપલોડ કે એટેચ થઈ શકશે નહિ. દરેક આધાર સ્કેન કરતી / કરાવતી વખતે આધારને સ્પષ્ટ વંચાય તે રીતે સ્કેન કરાવીને મોકલવા અને આધારની સાઈઝ 2 MB કરતા વધે નહિ તેની તકેદારી રાખવી. આ તમામ આધારો પૈકીના શાળા મકાનના નકશા અને ટ્રસ્ટ-ડીડના આધારોની સ્કેન કરાવેલ ફાઈલની સાઈઝ 8 MB સુધી હશે તો પણ ઓનલાઈન અરજી સાથે અપલોડ કે એટેચ કરી શકાશે.
10. અરજી બોર્ડને રજૂ કરવા માટે ઓનલાઈન સિસ્ટમ દ્વારા જે આધારો પૂરા પાડવા જણાવવામાં આવેલ હોય તે તમામ આધારો અરજદારે ઓનલાઈન સિસ્ટમમાં પૂરા પાડવાના રહેશે. અરજદાર પાસે જરૂરી આધાર ન હોય તો તેની જગ્યાએ અન્ય કોઈ આધાર ઓનલાઈન સિસ્ટમ મારફતે રજૂ કરવો નહિ. ઓનલાઈન સિસ્ટમમાં આધારો જોડતી વખતે જે આધાર માંગવામાં આવેલ હોય તેની સામે તે જ આધાર સાચી રીતે જોડવામાં આવે તેની તકેદારી અરજદારે રાખવાની રહેશે. બોર્ડ દ્વારા ચકાસણી કરતા જો કોઈ આધાર રજૂ કરવામાં નહિ આવેલ હોય, માંગવામાં આવેલ આધારની જગ્યાએ અન્ય કોઈ આધાર રજૂ કરવામાં આવેલ હશે અથવા આધાર ખોટા માલૂમ પડશે તો અરજી બોર્ડ દ્વારા નામંજૂર કરવામાં આવશે, તેથી જે આધાર માંગવામાં આવેલ હોય તેની સામે તે જ આધારની સાચી નકલ અચૂક જોડવામાં આવે તેની તકેદારી અરજદારે રાખવાની રહેશે.
11. આ તમામ વિગતો ભર્યા બાદ તેમજ આધારો એટેચ કર્યા બાદ જ આખરે અરજી બોર્ડને ઓનલાઈન "Submit" કરી શકાશે. કોઈ માહિતી ભરવાની રહી ગઈ હશે કે અધૂરી રહી હશે તો અરજી ઓનલાઈન "Submit" થઈ શકશે નહિ.
12. ઓનલાઈન સિસ્ટમના દરેક વિભાગમાં માંગવામાં આવેલ જે માહિતી તથા આધારોની આગળ * દર્શાવવામાં આવેલ છે તે તમામ માહિતી અરજદારે ફરજિયાત પણે ભરવાની રહેશે. જે તે વિભાગની આ પ્રકારની માહિતી ભરવામાં નહીં આવે ત્યાં સુધી તે પછીના અને ત્યાર બાદના વિભાગની

આગળની વિગતો ભરી શકાશે નહિ. ખોટી માહિતી તથા ખોટા આધારો રજૂ કરવા નહિ. બોર્ડ દ્વારા ચકાસણી કરતા શાળા મંડળે રજૂ કરેલ માહિતી તથા આધારો ખોટા સાબિત થશે તો અરજી નામંજૂર કરવામાં આવશે. અરજદાર સંચાલક મંડળે આપેલ માહિતી / આધારો કોઈપણ સમયે ખોટા હોવાનું સાબિત થશે તો શાળાની મંજૂરી કોઈપણ સમયે રદ થવાને પાત્ર રહેશે તેમજ બોર્ડને ગેરમાર્ગે દોરવા બદલ અને ખોટા પુરાવાના આધારે મંજૂરી મેળવવા માટે કાર્યવાહી કરવા બદલ સંચાલક મંડળ સામે પોલીસ ફરિયાદ સહિતની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

13. સુચનામાં આપવામાં આવેલ નમૂના મુજબનું એફિડેવિટ ઓનલાઈન અરજી કરવા માટેની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાનું રહેશે અને તે નમૂના મુજબની સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ કરેલ એફિડેવિટની નકલ ઓનલાઈન સિસ્ટમમાં અપલોડ કરવાની રહેશે. એફીડેવીટમાં લાગુ ન પડતી હોય તે બાબત છેકી નાખવાની જવાબદારી સબંધિત મંડળની છે. અને એફીડેવીટના પ્રત્યેક પાન નંબર ઉપર મંડળના સબંધિત ટ્રસ્ટી / ટ્રસ્ટીઓએ સહી કરવાની રહેશે.
14. અરજદાર દ્વારા નવી શાળા શરૂ કરવા માટે કરવામાં આવેલ અરજીની વિગતો અને આધારોની બોર્ડ કક્ષાએથી ઓનલાઈન ચકાસણી કરવામાં આવશે અને વિગતો તેમજ આધારો સાચા જણાશે તો તે મુજબ બોર્ડ દ્વારા તે અરજીને કામચલાઉ મંજૂરી (Provisional Approval) આપવામાં આવશે અન્યથા અરજી નામંજૂર કરવામાં આવશે. બોર્ડ દ્વારા જેટલી અરજીઓને કામચલાઉ મંજૂર કરવામાં આવશે તેટલી જ અરજીઓ માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સ્થળ તપાસ કરવામાં આવશે અને તેમનો અહેવાલ ઓનલાઈન જ બોર્ડને રજૂ કરવામાં આવશે. બોર્ડ દ્વારા જે અરજીઓને કામચલાઉ મંજૂરી આપવામાં નહી આવે તેવી અરજીઓ માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સ્થળ તપાસ કરવામાં આવશે નહિ. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કામચલાઉ મંજૂર કરવામાં આવેલ અરજીઓના સ્થળ તપાસ અહેવાલને આધારે જ આ પ્રકારની અરજીઓને બોર્ડ દ્વારા કાયમી મંજૂરી આપવામાં આવશે અને શાળાની નોંધણી કરવામાં આવશે.
15. ફી ભર્યા બાદ જ અરજી કરી શકાતી હોઈ શાળા મંડળ દ્વારા અંતિમ તારીખના ૧૫ દિવસ પહેલા ફી ભરવાની રહેશે. અને ફી ન ભરાયા બાબતની કે લોગીન ન થઈ શકવાની કોઈ રજુઆત હોય તો અંતિમ તારીખના ૧૦ દિવસ પહેલા બોર્ડને રૂબરૂમાં જણ કરવાની રહેશે.
16. શાળા મંડળ દ્વારા નવી શાળા માટે રજિસ્ટ્રેશન કર્યા બાદ જો ID & PASSWARD ના મળે તો gsebnsa@gmail.com પર તાત્કાલિક અરજી કરવાની રહેશે.

# <u>અરજી કરતા પહેલા સ્કેન કરી તૈયાર રાખવાના રહેતા ડોક્યુમેન્ટની યાદી</u>

| ક્રમ | ડોક્યુમેન્ટનું લીસ્ટ | વિગતો |
|---|---|---|
| 1 | Copy of Trust Registration Certificate registered in the Charity Commissioner Office (.jpg or .pdf) | શાળા મંડળની નોંધણીનો દાખલો upload કરવો. |
| 2 | Copy of Trust Deed (.pdf) | શાળા મંડળની ડીડ ની કોપી (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 3 | Latest Copy of Public Trust Register(PTR) (.jpg or .pdf) | PTR ની કોપી upload કરવી. |
| 4 | Copy of Non Agriculture Order for School Land (.pdf) | શાળા મકાન જમીનની N.A. ની કોપી (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 5 | Copy of 7-12 Document for School Land (.jpg or .pdf) | શાળા મકાન જમીનની 7/12 નો દાખલો |
| 6 | Copy of 8-A Document for School Land (.jpg or .pdf) | શાળા મકાન જમીનની 8 – A નો દાખલો |
| 7 | Latest Copy of No. 6A Entry Document for School Land (.jpg or .pdf) | શાળા મકાન જમીનની નમૂના નં – ૬ નો દાખલો |
| 8 | Copy of Non Agriculture Order for Playground Land (.pdf) | શાળા મેદાન જમીનની N.A. ની કોપી શાળા મેદાન માટે (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 9 | Copy of 7-12 Document for Playground Land (.jpg or .pdf) | શાળા મેદાન જમીનની 7/12 નો દાખલો |
| 10 | Copy of 8-A Document for Playground Land (.jpg or .pdf) | શાળા મેદાન જમીનની 8 – A નો દાખલો |
| 11 | Latest Copy of No. 6A Entry Document for Playground Land (.jpg or .pdf) | શાળા મેદાન જમીનની નમૂના નં – ૬ નો દાખલો |
| 12 | Copy of Documents of the Ownership of School Building (.pdf) | શાળા મકાનની માલિકીના આધારો (વેચાણ કરાર વગેરે) (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 13 | Copy of Lease Deed for School Building (.pdf) | શાળા મકાન ભાડા કરાર |
| 14 | Copy of Document of Ownership of Playground Land (.pdf) | શાળા મેદાનની માલિકીના આધારો (વેચાણ કરાર વગેરે) (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 15 | Copy of Lease Deed for School Playground (.pdf) | શાળા મેદાન ભાડા કરાર(ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 16 | Copy of School Building Map, sanctioned by Competent Authority (.jpg or .pdf) | શાળા મકાનનો સક્ષમ સત્તાધિકારીએ મંજૂર કરેલ નકશો |

| | | |
|---|---|---|
| 17 | Copy of BU Permission/ Occupancy Certificate sanctioned by Competent Authority (.jpg or .pdf) | શાળા મકાનનો સક્ષમ સત્તાધિકારીએ મંજૂર કરેલ બિલ્ડીંગ યુઝ પરમિશન |
| 18 | Copy of Layout of Playground, sanctioned by Competent Authority (.jpg or .pdf) | શાળા મેદાનનો સક્ષમ સત્તાધિકારીએ મંજૂર કરેલ Lay Out Plan |
| 19 | Copy of Layout of School, sanctioned by Competent Authority (.jpg or .pdf) | શાળા મકાનનો સક્ષમ સત્તાધિકારીએ મંજૂર કરેલ Lay Out Plan |
| 20 | Recently taken Photograph of School’s Front-side (.jpg) | (ફક્ત JPG File અપલોડ કરવાની રહેશે.) |
| 21 | Recently taken Photograph of School’s Back-side (.jpg) | (ફક્ત JPG File અપલોડ કરવાની રહેશે.) |
| 22 | Recently taken Photograph of School’s Left-side (.jpg) | (ફક્ત JPG File અપલોડ કરવાની રહેશે.) |
| 23 | Recently taken Photograph of School’s Right-side (.jpg) | (ફક્ત JPG File અપલોડ કરવાની રહેશે.) |
| 24 | Recently taken Photograph covering entire School Building along with Compound Wall and Gate of School (.jpg) | (ફક્ત JPG File અપલોડ કરવાની રહેશે.) |
| 25 | Recently taken Photograph of School’s Play-ground (.jpg) | (ફક્ત JPG File અપલોડ કરવાની રહેશે.) |
| 26 | Copy of Structural Stability Certificate as per Performa given in instruction section (.pdf) | (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 27 | Copy of Affidavit as per Performa given in instruction section (.pdf) | નમૂનામાં આપેલ સોગંદનામાની કોપી (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 28 | Copy of Resolution passed by Trust/ Body to appoint an authorized person for Correspondence with GS&HSEB (.jpg or .pdf) | બોર્ડ સાથેના પત્ર વ્યવહાર માટે શાળા મંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલ પ્રતિનિધિ. |
| 29 | Whether there is any dispute about trust or trustees in the charity commissioner's office as other court office regarding trust? The affidavit of that. (.pdf) | (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 30 | Whether the accounts of the trust and the governing body are presented regularly in the related office? A certified copy of "Appendix 10" about it. (.pdf) | (ફક્ત PDF File અપલોડ કરવાની રહેશે.) |
| 32 | Copy of Resolution passed by Trust/ Body to start an Educational Institute (.jpg or .pdf) | નવી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવેલ ઠરાવ. |